ક્રમાંક : માધ્ય/ખ–૧/પાસપોર્ટ/એનઓસી/૨૦૧૪/૪૮૨૪ થી ૫૦૭૪

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
C/0.મોહનદાસ ગાંધી વિદ્યાલય,
જયુબેલી બાગ પાસે, રાજકોટ
તા. ૧૫–૧૦–૨૦૧૪

By Email

પ્રતિ,
આચાર્યશ્રી/આચાર્યાશ્રી,
બિન સરકારી ગ્રાંટેડ માધ્યમિક/ઉ.મા.શાળાઓ – તમામ,
જિલ્લો : રાજકોટ

વિષય : વિદેશ જવા માટે જરૂરી એવા પાસપોર્ટ કઢાવવા માટે આપવાના થતાં એન.ઓ.સી. બાબત

જયભારત સાથ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે , જિલ્લાની બિન સરકારી ગ્રાંટેડ શાળાઓમાં ફરજ બજાવતા તમામ સંવર્ગો/કેડરના શૈક્ષણીક અને બિન શૈક્ષણીક સ્ટાફને વિદેશ પ્રવાસો માટે જરૂરી એવા પાસપોર્ટ કઢાવવાની અરજી સાથે રજુ કરવાના થતાં ' ના વાંધા પ્રમાણપત્ર ' માં આ કચેરીના સહી/સિકકા માટે શાળાઓ તરફથી દરખાસ્તો મોકલવામાં આવે છે.

ઉકત બાબતે નીચેની વિગતો ધ્યાન પર લેતા, બિન સરકારી ગ્રાંટેડ શાળાઓના કોઈ પણ કર્મચારીઓના પાસપોર્ટ માટેના એન.ઓ.સી.ઓમાં સહી/સિકકા કરવા એ આપની અને શાળા મંડળ સાથે જોડાયેલી બાબત ગણાય. આમ આ કચેરી તરફથી સહીઓ કે પ્રતિસહીઓ કરવાની થતી નથી. જેથી આવી દરખાસ્તો આ કચેરીને ન મોકલવા આથી જણાવવામાં આવે છે.

(૧) બિન સરકારી ગ્રાંટેડ શાળાઓમાં નિમણુંક પામતાં શૈક્ષણીક અને બિન શૈક્ષણીક કર્મચારીઓ ના નિમણુક કર્તા તરીકે સબંધીત શાળા સંચાલક મંડળો છે.

(૨) ઉકત મહેકમના શિસ્ત અધિકારી તરીકે જે તે શાળાના આચાર્યશ્રી / સંચાલક મંડળ હોય છે.

(૩) સુચીત પાસપોર્ટ અપાયે થનાર વિદેશી સફરના સમયગાળા માટે , સબંધીત કર્મચારીની રજા મંજુર કરવાની બાબત ,આ સમયગાળા માટે શાળામાં રહેતી ખાલી જગ્યાના સમયે તેમના કાર્યભાર માટે જે કોઈ આયોજન કરવાનું થાય તે આયોજન, શાળા કક્ષાએ આચાર્યશ્રી અને સંચાલક મંડળે સંયુકત રીતે કરવાનું રહે છે.

(૪) ઉકત મહેકમના પગાર ભથ્થાઓ ફકત વ્યવસ્થાના અને નિયમીતતાના ભાગ તરીકે સીધા પગાર યોજના અન્વયે ચુકવાય છે એટલે કે આ મહેકમને અત્રેથી કોઈ પગારો અપાતા નથી જયારે આ રીતે સીધા પગાર યોજના દ્વારા ચુકવાયેલ નાણાં એ શાળા મંડળો માટે અગ્રીમ અનુદાન છે.

(૫) અનુભવે જણાયેલ છે કે , બિન સરકારી ગ્રાંટેડ શાળાઓના કર્મચારીઓ પાસપોર્ટ અરજી ફોર્મમાં , એમ્પ્લોયમેન્ટ ટાઈપ માં ' ગર્વમેન્ટ ' તરીકે વિગતો ભરે છે. પરિણામે આવા એન.ઓ.સી.ઓમાં આ કચેરીના સહી/સિકકા કરાવવાની દરખાસ્તો રજુ થાય છે.

આ બાબતની જાણ આપના શાળા મંડળને તથા શાળાના તમામ કર્મચારીઓને પણ કરશો.

જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ જિલ્લો, રાજકોટ